During what time, ક્યે વખતે.

On a cold winter day એક શિયાળાના થંડા દિવ-સે a poor little robin એક નાનું રોબીન પક્ષી once એક વખત came to a window. બારી આગળ આવ્યું. Some children who saw it open the window very gently જે છોકરાઓએ તેને જોયું તેઓએ બારી ઘ-ણીજ ધીમેથી ઉઘાડી, and the robin came hopping into the room. અને રોબીન પક્ષી ઓરડામાં નાચતું ના-ચતું આવ્યું. The children fed it with crumbs છો-કરાઓએ તેને રોટલીના કકડા ખવાડયા and let it fly away again. અને પાછું તેને ઉડી જવા દીધું. During the winter શીયાળામાં it came back several times તે કેટલીક વખત પાછું આવ્યું to its little friends; પો-તાના નાના મીત્રો પાસે; but when the warm weather came પણ જ્યારે ગરમ હવા આવી ત્યારે it flew away to the woods તે જંગલમાં ઉડી ગયું.

Welcome little Robin, નાનું રોબીન પક્ષી ભલે આવ્યું with the scarlet breast, લાલ છાતીવાળું in this winter weather આ શિયાળાની રૂતુમાં cold must be your nest. થંડી એજ તારો માળો હોવો જોઈએ Hopping over the carpet ગલીચા ઉપર કુદતું Picking up the crumbs રોટલીના કકડા ઊચકતું Robin knows the children love him when he comes રોબીન પક્ષી જા-ણેછે કે જ્યારે તે આવેછે ત્યારે છોકરાઓ તેને ચાહેછે Is the story true? શું આ વાત ખરીછે? Robin રોબીન પ-ક્ષી. you were once so good તુ એક વખત એટલું માયાળુ હતું to the little orphans મા બાપ વગરના ના-

ના છોકરાઓ ઉપર sleeping in the woods જંગલમાં ઉંઘતા. Did you see them lying pale and cold and still? શું તેં તેમને ફીકા, શીતલ અને શાંત પડેલાં જોયા? And strew leaves above them with your little bill? અને શું તે તારી નાની ચાંચથી તેમના ઉપર પાંતર વિખેરીને નાંખ્યા? Whether true or not એ વાત ખરી હોય કે નહી તોપણ Robin રોબીન, we are glad to see અમે જોવાને રાજી છઈએ. How you trust us children તું કેવી રીતે છોકરાઓનો અમારા ઉપર વિશ્વાસ કરેછે walking so free વગર ધાસ્તીએ ચાલતા Hopping-over the carpet ગાલીચા ઉપર કુદતો, Picking up the crumbs રોટલીના કકડા ઉંચકતો Robin knows the children love him when he comes રોબીન જાણેછે કે જ્યારે તે આવેછે ત્યારે છોકરાઓ તેને ચાહેછે And though little Robin has no gift of speech અને જોકે નાના રોબીન પક્ષીને વાચાની બખશિશ નથી, yet he can teach a lesson to the children તોપણ છોકરાંઓને તે એક ધડો શીખવી શકેછે Still to trust that blessings will be richly given સુખ આપનારી ચીજો સારી રીતે મળશે એવું તેઓએ હમેશાં માનવું. When they ask their Father for their bread from heaven. જ્યારે તેઓ સ્વર્ગમાંથી તેઓના ગુજરાનને માટે ઈશ્વરને અરજ કરશે ત્યારે.

THE WOLF. વરૂ.

Fiercest, a. (ફીઅરસેસ્ટ) સૌથી ઝનુની.
Beasts, s. (બીસ્ટસ) હેવાનો.
Prey, s. (પ્રે) શીકાર.
Beasts of prey, શીકારી જાનવરો.
Animal, s. (ઍનીમલ) પ્રાણી
Kinds, s. (કાઇન્ડસ)જાત, વર્ગ
Is a little like dog, થોડું કુતરાને મળતું આવેછે.
Fox, s. (ફૉકસ) કોહોળું.
Den, s. (ડેન) ગોફો.
Forest, s. (ફૉરેસ્ટ) જંગલ
Summer, a. (સમર) ઉનાળો
Hares, s. (હૅર્સ) સસલાં.
Leave, v. t. (લીવ) છોડેછે.
Search, s. (સર્ચ) શોધ.
Hunt, v. i. (હન્ટ) શીકાર કરવો.
Packs, s. (પૅકસ) ટોળાં.
Bands, s. (બૅન્ડસ) ટોળાં.
Hunt in large packs or bands, ટોળાં થઈને શીકારે જાયછે.
Pressed by hunger, ભુખ લાગવાને લીધે.
Bold, a. (બોલ્ડ) .હીમ્મતવાન
Will attack, v. t. (ઉવિલ ઍટૅક) હુમલો કરશે.
Villages, s. (વિલેજીસ) ગામડાં.
In the depth of winter, ભર શીયાળામાં.
Wild, a. (ઉવાઈલ્ડ) જંગલી.
Howl, s. (હાઉલ) પોકાર, બુમ
Stillness, s. (સ્ટીલનેસ) શાંત વખત.
People, s. (પીપલ) લોકો.
Have had a visit, મુલાકાત થઈ હતી.
Russian noble, (રશિઅનનોબલ) રશીઆ દેશનો ઉમરાવ.
Were chased by a park of wolves, વરૂઓએ પુઠ પકડી હતી.
Driving, p. pr. (ડ્રાઈવિંગ) હાંકી જતાં.
Sledge, s. (સ્લેડજ) વગર પૈડાંની ગાડી.

Drawn, p. p. (ડ્રૉન) જોડેલાં
Fear, s. (ફીઅર) બીક.
Of being torn to pieces ચીરાઈને કકડે કકડા થઈ જવાની.
Had to leave, છોડી જવાની ફરજ પડી હતી.
To occupy, inf. (ટુ ઑકયુપાઈ) રોકવાને.
Till, ad. (ટીલ) જ્યાં સુધી.
They got out of their reach, તેઓ તેના પંજામાંથી બચી ગયાં.
Quiet night. (ક્વાઐટ નાઈટ) શાંતનો શાંત વખત.
Escape, v. i. (ઍસકેપ) નાહાસી જવું.

The wolf is વરૂછે one of the fiercest સર્વેથી ઝનુની માનું એક of all the beasts of prey સઘળા શીકાર કરનારા જાનવરોમાં It is an animal of the dog kind તે એક કુતરાની જાતનું પ્રાણીછે and is a little like a dog અને થોડુંક કુતરાને મળતું આવેછે and a little like a fox અને થોડુંક કોહોળાને મળતુ આવેછે It has its den in the forest તેનો ગોફો જંગલમાં હોયછે, far away from the homes of men મનુષ્યના ઘરોથી ઘણે દુર Here in summer it lives on birds, hares and other small animals આહીંઆ ઉનાળામાં તે પક્ષીઓ, સસલાં અને બીજા નાનાં પ્રાણીઓ ઉપર પોતાનું ગુજરાન ચલાવેછે But in winter પણ શીયાળામાં wolves often leave the forests in search of food વરૂઓ વારંવાર ખોરાકની શોધમાં જંગલો છોડેછે They then hunt in large packs or bands ત્યારે તેઓ ટોળાં થઈ ને શીકારે જાયછે; and when pressed by hunger અને જ્યારે ઘણી ભુખ લાગેછે ત્યારે they become very fierce and bold તેઓ ઘણા ઝનુની

અને હીમ્મતવાન થાયછે. They will even enter villages તેઓ ગામડાંઓમાં પણ દાખલ થશે and attack lambs, sheeps, cows and horses અને ઘેટુંના બચ્ચાં, ઘેટાં, ગાયો અને ઘોડા ઉપર હુમલો કરશે In the depth of winter ભર શીયાળામાં when the snow is on the ground જ્યારે બરફ જમીન ઉપર પડેલું હોયછે ત્યારે a wild howl is often heard in the stillness of the night એક જંગલી બુમ વારંવાર ભર રાતે સંભળાયછે. And in the morning અને સહવારમાં the loss of a cow or a horse એક ગાય અથવા ઘોડાની ખોટ tells the people of the village ગાંમડાના લોકોને કહી આપેછે કે that they have had a visit from the wild wolf of the forest કે તેઓને જંગલના જંગલી વરૂ સાથે મુલાકાત થયેલીછે. Once a Russian noble and his wife એક વખતે રશિઆ દેશનો ઉમરાવ અને તેની સ્ત્રીની પાછળ were chased by a pack of wolves વરૂઓ પુઠે લાગાં હતાં when driving in a sledge drawn by four horses જ્યારે તેઓ ચાર ઘોડાની જોડેલી ગાડીમાં જતાં હતાં ત્યારે.. They were in great fear of being torn to pieces ચીરાઈને કકડે કકડા થઈ જવાની મોટી ધાસ્તીમાં તેઓ હતાં And they had to leave first one તેઓને પેહેલે એક (ઘોડો) છોડી દેવો પડયો હતો and then another of the horses અને ત્યાર પછી તેઓના ઘોડામાંનો એક બીજો (છોડી દેવો પડયો હતો) to occupy the wolves વરૂઓને રોકવાને till they got out of their reach જયાંસુધી તેઓ તેઓના પંજામાંથી બચ્યાં ત્યાં સુધી.

THE ECHO. પ્રતિશબ્દ.

Shouted, v. t. (શાઉટેડ) બુમ પાડી બોલ્યો.
Playing, p. pr. (પ્લેઇંગ) રમતો.
Echo, s. (એકો) પ્રતિશબ્દ.
Reply, s. (રીપ્લાઈ) પાછો જવાબ.
Surprise, s. (સરપ્રાઈઝ) અજાયબી.
Asked in surprise, અજાયબીથી પુછ્યું.
Foolish fellow, મૂર્ખ છોકરો
Henry, s. (હેનરી) હેનરી
Cried, v. t. (ક્રાઈડ) બોલ્યો.
At the top of his voice, ઘણાજ મોટે અવાજે.
Called out, બોલ્યો.
Ugly, a. (અગલી) ખરાબ.
Names, s. (નેમ્ઝ) નામો.
Sent back, પાછા મોકલ્યાં.
Nothing, s. (નથિંગ) કંઈ નહીં.
Lips, s. (લિપ્સ) હોટો.
(Had) used, v. t. (યુઝડ) વાપર્યા હોત.
Gentle, a. (જેન્ટલ) સભ્યતાના, નરમાસના.
You would have had kind and gentle words in return, તેના બદલામાં તમે માયાળુ અને સભ્યતાના બોલો સાંભળતે.

Hop, hop, hop ! નાચ, નાચ, નાચ ! shouted little Henry નાના હેનરીએ બુમ પાડી as he was playing in the field near a wood જ્યારે તે જંગલની નજીક આવેલા ખેતરમાં રમતો હતો ત્યારે Hop, hop, hop ! નાચ, નાચ, નાચ ! came an echo in reply પાછા જવાબમાં પ્રતિશબ્દ આવ્યો. Who is there ? ત્યાં કોણછે ? asked Henry in surprise હેનરીએ અજાયબીમાં પુછ્યું for he had never heard an echo before કારણકે અગાઉ તેને કદી પણ પ્રતિશબ્દ સાંભળ્યો નહોતો.

Who is there? ત્યાં કોણછે? replied the echo પ્રતિશબ્દ પાછો થયો. Foolish fellow મૂર્ખ છોકરો! cried Henry હેનરી બોલ્યો at the top of his voice ઘણાજ મોટે અવાજે. Foolish fellow મૂર્ખ છોકરો? was the reply from the wood જંગલમાંથી પાછો અવાજ આવ્યો. At this Henry became very angry આથી હેનરી ઘણો ગુસ્સે થયો called out many ugly names અને ઘણા ખરાબ શબ્દો કહ્યા. The voice from the wood sent back every word જંગલમાંના અવાજે દરેક શબ્દો પાછા મોકલ્યા. Now હવે when Henry could not see who was speaking from the wood જ્યારે હેનરી જંગલમાંથી કોણ બોલેછે તે સમજી શક્યો નહી ત્યારે he ran home and told his father તે ઘેર દોડી ગયો અને પોતાના બાપને કહ્યું that a boy hid in the wood had called him bad names કે એક છોકરો જંગલમાં સંતાયલોછે તે તેને ખરાબ શબ્દો કહેતો હતો. Ah, Henry અરે હેનરી! said his father તેના બાપે કહ્યું you have heard nothing but the echo of your own words તેં તારા બોલના પ્રતિશબ્દ સીવાય બીજુ કાંઈ પણ સાંભળ્યું નથી. The bad names came first from your own lips ખરાબ શબ્દો પેહેલા તારા હોઠમાંથી નીકળ્યાં Had you used kind and gentle words જો તેં માયાળું અને સભ્યતાના શબ્દો વાપર્યા હોતતો you would have had kind and gentle words in return તેના બદલામાં તને માયાળુ અને નરમાસ ભરેલા શબ્દો મળતે (સાંભળતે.) kind words bring back kind echoes માયાળુ શબ્દો માયાળુ પ્રતિશબ્દો પાછા લાવેછે.

GOOD NIGHT AND GOOD MORNING.

રાતની અને સહુવારની સલામ.

Good-night, (ગુડનાઈટ) રાતની સલામ.
Good-morning. (ગુડ મા-રનિંગ) સહવારની સલામ.
Fair, a. (ફૅર) સુંદર, રૂપાળી.
Under a tree, ઝાડની નીચે.
Sewing, p. pr. (સોઈંગ) સીવતી.
As long as her eyes could see, જ્યાંસુધી તેને દેખાયું ત્યાં સુધી.
Smoothed, v. t. (સ્મૂધ્ડ) સાફ કીધું.
Work, s. (વર્ક) (સીવવાનું) કામ.
Folded, v. t. (ફોલ્ડેડ) ઘડી વાળી.
Right, ad. (રાઈટ) બરાબર રીતે.
Rooks, s. (રૂકસ) કાકડા.
On their way to bed, સુવા જતી વખતે.
Watched, v. t. (વૉચ્ડ) તપાસ્યું.
Curious, a. (કયુરીઅસ) અજાએબ જેવી.
Flight, s. (ફ્લાઈટ) ઉડવું તે
Little black things, નાની કાળી ચીજો; (કાગડા.)
Neighed, v. i. (નેડ) ખં-ખાર્યા.
Oxen, s. (ઑક્સન) બળદ
Lowed, v i. (લોડ) આરડયા
Bleat, s. (બ્લીટ) બેંબેં કરતો અવાજ.
Delight, s. (ડીલાઈટ) ખુશી
Ball of light, રોશનીનો ગોળો.
He had to keep God's time. તેને ઈશ્વરના (મુકરર કરેલા) વખત પ્રમાણે આ-લવાનું હતું.
All over the world, આખી દુનીઆમાં.
Could sleep, ઊંઘી શકયો.
Tall, a. (ટૉલ) ઊંચો.
Pink, a. (પિન્ક) ગુલાબી રંગનો, રાતો.

Fox-glove, s. (ફૉક્સ ગ્લવ) એક જાતનો રોપો.

Bent his head, પોતાનું માથું નમાવ્યું.

Violets, s. (વાયોલિટસ) એક જાતના રોપા.

Bowed, v. i. (બોડ) ઝુલાઈ ગયા

Went to bed, કરમાઈ ગયા

Tied, v. t. (ટાઈડ) બાંધ્યો

Tied up her hair, અંબોડો બાંધ્યો.

On her knees, ગુંડણ મરડીને

Favourite, a. (ફેવરીટ) પસંદ.

Said her favourite prayer, પોતાને પસંદ પડતી પ્રાર્થના કીધી.

Pillow, s. (પીલો) તકીઓ.

Softly, ad. (સૉફ્ટલી) શાંત હાલતમાં.

Beautiful, a. (બ્યુટિફુલ) સુંદર.

Is begun, (ઈઝબીગન) શરૂ થયું છે.

એક ખુબસુરત નાની છોકરી એક ઝાડ નીચે બેઠી હતી અને જ્યાંસુધી તેણીની આંખે દેખાતું ત્યાંસુધી સીવતી હતી; ત્યાર પછી પોતાના સીવેલાં કપડાંને સાફ કરી બરાબર ઘડી કરતી, અને કીમતી કામ, રાતની સલામ, રાતની સલામ એમ કરતી, સંખ્યાબંધ કાગડાઓ તેણીના માથા ઉપરથી કાઉ કાઉ કરતાં પોત પોતાના માળાઓમાં સુવા જતા હતા; અને તેણી તેઓની અજાએબ જેવી ઉડવાની ઢબ જોઇને, નાની કાળી ચીજો રાતની સલામ રાતની સલામ એમ કહેતી, ઘોડાઓ ખંખારતા હતા અને બળદો બરાડતા હતા. મેંઢાંઓ બેંબેકરતાં રસ્તા ઉપર આવતાં હતાં; અને સઘળા સ્વસ્થ ખુશીથી, ભલી નાની છોકરી રાતની સલાંમ, રાતની સલામ, એમ કહેતાં હોય એમ માલમ પડતું. જોકે સુર્યને તેણીએ એક રોશનીના ગોળા તરીકે ત્યાં જોયો તોપણ તેણીએ તેને રાતની

સલામ કરી નહી. કારણકે તેને આખી પ્રથવી ઉપર ઇશ્વરના મુકરર કરેલાં વખત પ્રમાણે ચાલવાનું હતું અને બીલકુલ ઉઘાઈ શકાય તેમ ન હોતું. તે ઉંચા ગુલાબી રંગના ફોક્સ ગ્લવો (એક જાતના રોપા) નીચા વળી ગયાં અને વાયોલેટસ (એક જાતના રોપા) ઝુલાઈ પડયાં અને કરમાઈ ગયાં; અને ભલા લુસીએ પોતાનો અંબોડો બાંધ્યો અને ગુંઠણ મરડીને પોતાને પસંદ પડતી પ્રાર્થના કીધી અને જ્યારે તેણી શાંત હાલતમાં પોતાના તકીઆ ઉપર સુતી હતી ત્યારે સહવાર થતી ત્યાં લગણ બીજુ કાંઈ જાણતી ન હોતી; અને સઘળા માણસો તે ખુબસુરત સુર્યને સહવારની સલામ, સહવારની સલામ, હમારૂં કામ શરૂ થયુંછે એમ કહેતાં.

STORY OF A PARROT. એક પોપટની વાર્તા.

Story, s. (સ્ટોરી) વારતા.
Parrot, s. (પૅરટ) પોપટ.
Poor, a. (પુઅર) ગરીબ.
Had been taught, શીખવ્યો હતો.
There is no doubt about it, તેમાં કાંઈ શક નથી.
These words were all it could learn, જે સઘળું તે શીખી શકયો તે આજ બોલો હતા.
Might have been heard, સાંભળવામાં આવી શકયા હતે.
Whistling tune, મોહોડેની સીસોડીમાં રાગ ગાતી વખતે.
Question, s. (કવેશ્ચન) સવાલ.
Reply, s. (રીપ્લાઈ) જવાબ.
Master, s. (માસ્ટર) ધણી.
Market, s. (માર્કેટ) બજાર.
High price, મોટી કીમ્મત.
Art thou worth twenty pounds ? તું વિસ પાઉંડની કીમ્મતને લાયકછે.

Pound, s. (પાઉંડ) દશ રૂપીઆ.
Was pleased, (વૉઝ પ્લીઝ્ડ) ખુશી થયો.
Carried, v. t. (કૅરીડ) લઈ ગયો.
Some time after, થોડો વખત પછી.
Was sorry, દલગીર થયો.
Bargain, s. (બારગેન) સાટું
Beside, pre. (બીસાઈડ) પાસે
To throw so much money away, આટલા બધા પૈસા ફોકટ ગુમાવવાને.

એક ગરીબ માણસ પાસે પોપટ હતો. તે પોપટને "તેમાં કાંઈ શક નથી" એટલાં શબ્દો બોલતાં શિખવ્યું હતું. જે અક્ષર તે શીખી શકયો તે આજ બોલો હતા, અને જ્યારે તે મોહાડાની મીસોડીથી રાગ ગાતો હતો અથવા બુમ પાડતો હતો ત્યારે "તેમાં કાંઈ શક નથી" "તેમાં કાંઈ શક નથી" એટલાં શબ્દો સંભળાઈ શકતા હતા. પૉલ હમેશાં દરેક સવાલનો જવાબ "તેમાં કાંઈ શક નથી" એવી રીતે આપતો. એક દિવસ તે પોપટનો ધણી બજારમાં તેને વેચવાને માટે ગયો અને મારા પોપટને કોણ ખરીદ કરશે એમ બુમ પાડી? મારા પોપટની કીમ્મત વીસ પાઉંડ છે એક માણસે તેની આવી ભારી કીમ્મત સાંભળીને પોપટની સામું જોયું અને કહયું, પૉલ, તું વીસ પાઉંડની કીમ્મતને લાયકછે? પૉલે જવાબ આપ્યો કે "તેમાં કાંઈ શક નથી." તે માણસ એટલાતો ખુશી થયો કે તે પક્ષીને વેચાતું લીધું અને પોતાને ઘેર લઈ ગયો. થોડા વખત પછી તે પોતાના સાટા વાસ્તે ઘણો દલગીર થયો. પોપટના પાંજરા આગળ ઉભો રહીને તે બોલ્યો, "મેં કેવી મુરખાઈ કીધી કે આટલા બધા પૈસા ફોકટ ગુમાવ્યા. તે પક્ષીએ જવાબ આપ્યો કે "તેમાં કાંઈ શક નથી." અને આ વખત તે પોપટનું બોલવું ખરૂં હતું.

LITTLE THINGS. નાની ચીજો.

Moments, s. (મોમેન્ટસ) પળો.
Thoughts, s. (થૉટસ) વિચારો.
Seeds, s. (સીડઝ) બીઆં.
Water-drops, s. (ઉવૉટર ડ્રૉપ્સ) પાણીનાં ટીપા
Brook, s. (બ્રુક) નાળુ, ઝરો
Deeds, s. (ડીડઝ) કામો, કૃત્યો.
Faith, s. (ફેથ) વિશ્વાસ.
Love, s. (લવ) પ્યાર.
Link, v. t. (લિન્ક) જોડી નાંખેછે.
Eearth, s. (અર્થ) પૃથ્વી.
Heaven, s. (હેવન) આકાશ.

નાની પળો મળીને એક કલાક થાયછે; નાના વિચારોનું એક પુસ્તક બનેછે; નાનાં બીઆનું એક ઝાડ અથવા ફુલ બનેછે અને નાનાં પાણીના ટીપાંનું એક નાળું બનેછે. વિશ્વાસ અને પ્યારના નાનાં કામો પૃથ્વીને આકાશ સાથે જોડી નાંખેછે.

THE CAT AND THE CANARY.

બીલાડી અને કનેરી પક્ષી.

Think, v. t. (થિન્ક) વિચારવું, ધારવું.
Sparrow, s. (સ્પૅરો) ચલ્લી
(Was) seized v. t. (સીઝડ) પકડાયું હતું.
Cruel, a. (ક્રુઅલ) ઘાતકી, ક્રુર.
At all, (ઍટ ઑલ) તદન, મુદલ.
Tame, a. (ટેમ) હળેલું, પાળેલું.
Would fly, ઉડતું હતું.
Perch, v. i. (પર્ચ) બેસવું.
Finger, s. (ફીંગર) આંગળું.

Hung, v. (હંગ) ટાંગેલું હતું.
Danger, s. (ડેન્જર) ધાસ્તી, ભય.
Kitten, s. (કીટન) બીલાડીનુ બચ્ચું.
Kitchen, s. (કીચન) રાંધણી, બબરચીખાનું.
Shoulder, s. (શોલ્ડર) ખભું, ખાંધ
Surprise, s. (સરપ્રાઈઝ) અજાએબી.
Terror, s. (ટેરર) ધાસ્તી, બીહીક.
Safety, s. (સેફટી) સલામતી.
Cause, s. (કૉઝ) કારણ.
Strange, a. (સ્ટ્રેન્જ) અજાએબ જેવી
Conduct, s. (કૉન્ડક્ટ) ચાલ ચલણ.
Had seized, v. t. (હૅડસીઝડ) પકડયું હતું.
Stranger, s. (સ્ટ્રેન્જર) પારકી (બીલાડી.)
No sooner, (નો સુનર) તરતજ.
Was driven, (વૉઝ) ડ્રીવન હાંકી કાઢવામાં આવી
Flew, v i. (ફલ્યુ) ઉડીને ગયું.
Mistress, s. (મિસ્ટ્રેસ) ધેણ-ણી, બાઈ.
Unhurt, a. (અનહર્ટ) ઈજા વગર, સહી સલામત.

આંહીઆ એક બીલાડી પોતાના મોહોડામાં એક ગરીબ પક્ષી લઈને બેઠેલી છે. તમે કદાચ ધારતા હશો કે તે ચક્લીછે કે જે રસ્તા ઉપરથી રોટલાના થોડા કકડા ઊંચકી લેવાને નીચે ઉડી હતી અને આ ધાતકી બીલાડીએ તેને પકડી લીધી. એમાં તમારી ભુલછે. આ બીલાડી તે નાના પક્ષીની મિત્રિણછે; અને તે પક્ષિ કાંઈ ચક્લી નથી પણ એક સુંદર કનેરી પક્ષિછે. તમે મારી પાસે આવો હું તમને આ ચીત્ર વિશેની વાત કહું.

એક બાઈની પાસે કનેરી પક્ષી હતું, તે એટલું તો હળી ગયું હતું કે તેણીના ઓરડાની આસપાસ ઉડયા કરતું, તેણીની

ખુરસી ઉપર બેસતું, તેણીની આંગળી ઉપર કુદકા મારતું, અને તેણીના હાથમાંથી રોટલીના કકડા ખાતું હતું. વળી તે બાઈ પાસે એક બીલાડી હતી જે ઓરડાની અંદર જ્યાં તે પક્ષીનું પાંજરૂં ટાંગ્યું હતું ત્યાં હમેશાં આવતી પણ તે પક્ષીને તેની કસી રીતની ધાસ્તી ન હોતી. તે બીલાડીને જ્યારથી તે છેક નાનું બચ્ચું હતું ત્યારથીજ તે પક્ષીના ઉપર માયા રાખવાને શીખવ્યું હતું; અને તે બેઉ જણા ઘણા ભલા મિત્રો હતાં. એક દીવસ તે બાઈ રાંધણીમાં ગઈ તેણીએ પક્ષી પોતાના ખભા ઉપર રાખ્યું હતું અને બીલાડી તેણીની પાછળ દોડતી આવી. તે કનેરી પક્ષી રોટલીના કકડાં જમીન ઉપરથી ઉચકી લેવાને તે બાઈના ખભા ઉપરથી નીચે ઉડયું. જ્યારે તેજવખતે તે બીલાડીએ તે પક્ષીને પોતાના મોહોડામાં પકડયું અને તેને લઈને રાંધણીના મેજ ઉપર કુદકો માર્યો ત્યારે તે બાઈ ઘણી આશ્ચર્ય પામી. પહેલાં તે બાઈ તેણીના પક્ષીની સલામતીને વાસ્તે ધાસ્તીમાં હતી; પણ તેણીને પોતાની બીલાડીની આવી અજાએબ જેવી ચાલચલણનું કારણ તરતજ માલમ પડયું. રાંધણીના બારણા આગળ એક બીજી બીલાડી હતી અને તેણીની બીલાડીએ તે પક્ષીને ધાસ્તીમાંથી બચાવવાને પકડી રાખ્યું હતું. જે વખતે તે પારકી બીલાડીને ઘરમાંથી હાંકી કાઢી તેજ વખતે તે બાઈની બીલાડીએ તે પક્ષીને જવા દીધું. અને તરતજ તે સહીસલામત પોતાની બાઈ પાસે ઉડીને ગયું.

THE WASP AND THE BEE.

ભમરો અને મધમાખ.

Wasp, s. (ઉવૉસ્પ) ભમરો
(Was) buzzing by, (બઝીંગ) પાસેથી ગણગણ કરતી જતી હતી.
(Little) cousin, (કઝીન) નહાની પીત્રાઈ બહેન
People, s. (પીપલ) લોકો.
Shines, v. i. (શાઇન્સ) પ્રંકાશેછે
Bright, a. (બ્રાઇટ) ચળકતી
Elegant, a. (એલીગંટ) સુંદર, ખુબસુરત.
To behold, inf. (ટુ બીહોલ્ડ) જોવાને.
Nobody likes me, કોઈ મને ચ્હાતું નથી.
I am told, મને કેહેવામાં આવેછે.
But if I were half as much mischief to do, પણ જો તમારાં કરતાં હું અડધી ખરાબી કરતી હોઉતો
Indeed, ad. (ઈન્ડીડ) ખરે ખર.
Delicate, a. (ડેલિકિટ) નાજુક
Own, v. t. (ઓન) કબુલ કરેછે.
Handsome, a. (હૅન્ડસમ) ખુબસુરત, સારા દેખાવનું.
They cannot put up with, તેઓ ખમી શકતા નથી.
Sting, s. (સ્ટિંગ) ડંખ, ચટકો.
Coat, s. (કોટ) પોશાક, ચામડી.
Homely, a. (હોમ્લી) સાદો, વગર ભપકાનો.
Plain, a. (પ્લેન) સાદો.
Harmless, a. (હાર્મલેસ) નીરઅપરાધી, ગરીબ.
Diligent, a. (ડીલિજન્ટ) ઉદ્યોગી.
Beware, v. i. (બીવેર) સાવચ રેહેવું.
Ill-natured, a. (ઈલનેચર્ડ) ખરાબ સ્વભાવનો.
Never, ad. (નેવર) કદી.
Fair, a. (ફેર) સુંદર.

એક મધમાખ કે જે તગતજ ગણગણ કરતી જતી તેને એક ભમરો મળ્યો. અને ભમરાએ કહ્યું નહાની પીત્રાઈ બહેન લોકો તને મારા કરતાં આટલાં બધાં શા વાસ્તે વધારે ચાહેછે તેનું કારણ કહી શકસે? મારી પીઠ સોનાના જેવી ચળકતી અને પીળી પ્રકાશેછે, અને વળી મારો ચેહેરો દેખાવમાં ઘણો ખુબસુરતછે; એટલું છતાં પણ લોકો મને કેહેછે કે તને કોઈ ચહાતુ નથી અફસોસ! મધમાંખે કહ્યું પીત્રાઈ ભાઈ તે સઘળું ખરૂંછે, પણ જો હું તું કહેછે તેના કરતાં અડધી ખરાબી કરતો, ખરેખરે લોકો મને તારા કરતાં કદાપી વધારે ચહાયે નહી તારો ચેહેરો સુંદર છે અને તને એક નાજુક પાંખછે: લોકો કબુલ કરેછે કે તું ખુબસુરતછે, પણ એક ચીજ કે જે લોકો બીલકુલ ખમા શકતા નથી તે તારો ડંખછે. તું જુવેછે કે મારી ચામડી સાદી અને વગર ભપકાની છે તોપણ કોઈ પણ માણસ મારા ઉપર ગુસ્સે થતું નથી તેનું કારણ એજ કે હું એક ગરીબ અને ઉદ્યોગી મધમાખ છું. આ નાની સરખી વાત ઉપરથી લોકોને સાવધ રેહેવાનું છે, કારણ કે અગરજો તેઓ ભમરાની માફક ગમે તેવા સુંદર ચેહેરાના હશે પણ જો ખરાબ સ્વભાવના હશે તો કોઈ પણ તેમને ચહાશે નહી.

THE HORSE. ઘોડો.

Noble, a. (નોબલ) ઉમદા, ભલું.

Useful, a. (યુસફુલ) ઉપયોગી.

Gentle, a. (જેન્ટલ) સભ્ય, ભલુ.

Willing to work, કામ કરવાને રાજી.

He is not made, તેને પેદા કીધો નથી.

To destroy, inf. (ટુ ડીસ્ટ્રોય) મારી નાંખવાને
To hurt, inf (ટુ હર્ટ) નુકસાન કરવાને.
He never takes the life of any other creature, તે કદી પણ બીજા કોઈ જનાવરનો જીવ લેતો નથી.
Hay, s. (હે) સુકું ઘાસ.
Cannot defend, બચાવ કરી શકતો નથી.
Fearful, a. (ફીઅરફુલ) ત્રાસદાયક, ભય લાગે એવી.
Tales, s. (ટેલ્સ) વાર્તા
Races, s. (રેસીસ) સરતો
Hungry, a. (હંગ્રી) ભૂખ્યું.
To know, inf. (ટુ નો) ઓળખવાને.
Soldier, s. (સોલજર) સીપાઈ.
Favourite, a. (ફેવરીટ) પ્યારો, વ્હાલો.
Happy, a. (હેપી) સુખી.
Full of spirit પાણીવાળો, દમવાળો.
Battle, s. (બૅટલ) લડાઈ.
(Was) killed, v. t. (કીલ્ડ) માર્યો ગયો.
Body, s. (બોડી) શરીર.
Faithful, a. (ફેથફુલ) નીમક હલાલ.
The animal was still standing beside it. હજુ સુધી તે જનાવર તેની પાસે ઉભો હતો.
During that time, આટલો બધો લાંબો વખત સુધી.
Was driving away the birds of prey, શીકારી જાનવરોને હાંકી કાઢતો હતો.

ઘોડો એક ભલું અને ઉપયોગી પ્રાણીછે. તે નરમાસવાળું અને કામ કરવાને રાજી એવું પ્રાણી છે. તેને મારી નાંખવાને અથવા નુકસાન કરવાને પેદા કીધો નથી પણ મનુષ્ય જાતિના ઉપયોગને માટે પેદા કીધોછે. તે પોતાના ખોરાકને માટે બીજા કોઇ પણ પ્રાણીનો જીવ કદાપી લેતો નથી: કારણકે તે લીલું ઘાસ, સુકું ઘાસ અને અનાજ ખાઈને પોતાનું ગુજરાન ચલા-

વેછે. તમો જાણોછોકે તે ક્રુર વરૂની સામે પોતાનો બચાવ કરી શકતો નથી. તે દોડી શકે છે અને વળી વરૂ પણ દોડી શકેછે; અને ઘોડો અને ભુખ્યા વરૂ વચ્ચે જીંદગી ખોવાની સરતોની ત્રાસદાયક વારતાઓ કહેવામાં આવીછે. ઘોડો પોતાના ધણીને ચાહેછે અને જલદીથી તેને ઓળખવાને શીખેછે. એવી વાત કહેવાયલી છે કે એક સીપાઈ પાસે તેનો પોતાનો વ્હાલો ઘોડો હતો કે જે ઘોડો જ્યારે તેનો ધણી તેની પીઠ ઉપર બેસતો ત્યારે ઘણો સુખી માલમ પડતો. ત્યારેજ તે જોશવાળો અને પાણીવાળો દેખાતો. છેવટે તેનો ધણી એક ભયંકર લડાઇમાં માર્યો ગયો અને પોતાના ઘોડા ઉપરથી પડી ગયો. જ્યારે તેની લાસ કેટલાએક દીવસ પછી જડી ત્યારેપણ તે નીમકહલાલ જનાવર તેની પાસે ઉભો હતો. આટલો બધો લાંબો વખત સુધી તે ઘોડાએ પોતાના ધણીનું મુવેલું શરીર કદાપી મુક્યું ન હોતું. ખોરાક અને પાણી વગર તે ત્યાં ઉભો રહ્યો હતો અને શીકારી પક્ષીઓને હાંકી કાઢતો હતો. શું તે એક ભલું પ્રાણી નથી.

THE DOG WITH THE LANTERN.

ફાનસવાળો કુતરો.

Lantern, s. (લૅન્ટર્ન) ફાનસ.

He is seeking for his master, તે પોતાના ધણીને શોધેછે.

Carlo, s. (કારલો) કુતરાનું પાડેલું નામ.

Had been taught, શીખવેલો હતો.

To be useful, ઉપયોગી થવાને.

Light, s. (લાઇટ) બત્તી, દીવો

Steadily, ad. (સ્ટેડીલી) ખુ-શેબાર રીતે.

Trotted, v. i. (ટ્રૉટેડ) ગયો

Kept near at hand, ન જદીક રેહેતો હતો.

Might guide (માઇટ ગાઇડ) રસ્તો દેખાડે.

Steps, s. (સ્ટેપ્સ) પગલાં.

Rut, s. (રટ) ધરેડ, ધરેડનો ચીલો.

As much as to say, એ પ્રમાણે કેહેવાને, એટલું કેહે વાને.

Used to be sent, મોકલ-વામાં આવતો હતો.

Order, s. (ઑાર્ડર) હુકમ.

Go for master, (તામ) ધ-ણીને બોલાવવાને જા.

Holding, pr. p. (હોલ્ડિંગ) પકડીને.

Would scratch, v. i. (વુડ સ્ક્રૅચ) નખે ઉખેડતો હતો.

Street-door, s. (સ્ટ્રીટ ડોર) રસ્તાપરનો દરવાજો.

Would bark, v. i. (વુડબાર્ક) ભસતો હતો.

Would growl, v. i (વુડ ગ્રાઉલ) ઘુરતો હતો, ઘુરકતો હતો.

As if he meant to say, જાણેકે એમ કેહેતો હોય.

Somewhere else, કોઈ બી-જે ઠેકાણે.

Set off (સેટ ઑાફ) નીકળ્યા.

અહીંઆ એક કુતરો પોતાના મોહોડામાં ફાનસ લઇને ઉભોછે. તે પોતાના ધણીને શોધે છે તે કુત્રાનું નામ કાર્લો પાડેલું હતું અને જેને (મનુષ્ય જાતીને) ઉપયોગી થવાને શી-ખવેલો હતો. જે રસ્તાઓ ઉપર તેનો ધણી રેહેતો હતો તે ર-સ્તાઓ વારંવાર એવાં અગમ્ય થતા હતા કે અંધારી રાતે કોઇ પણ પુરૂષથી દીવા વગર સહી સલામત ત્યાં જવાતું ન હોતું. તેટલા માટે કાર્લોના ધણીએ રાતની વખતે તેને (ધણીને) વાસ્તે ફાનસ (મોહોડામાં) લેવાનું શીખવ્યું અને આ કામ

તેને બરાબર રીતે કહ્યું કે જે કોઈ પણ છોકરો બરોબર રીતે કરી શક્યો ન હોત. કારલો કદાપી ઘણો દુર આગાડી ચાલ્યો જતો ન હોતો, પણ નજદીક રહેતો હતો કે જેથી કરીને ફાનસની અંદરનો ચળકતો દીવો તેના ધણીના પગલાંને રસ્તો દેખાડે. જ્યારે તે રસ્તાના કોઈ પણ ભાગ ઉપર કે જ્યાં એક ઊંડો ચરેડ અથવા ખાડો હોય એવે ઠેકાણે આવતો ત્યારે તે પોતાના ધણી તરફ ફરી જતો. માત્ર એટલુંજ કેહેવાને કે "સંભાળીને ચાલજો અહીંઆ એક બાકોરૂં છે" તે કુતરાનો ધણી તે શેહેરના દરવાજા આગળથી આસરે અડધો માઈલ દુર રેહેતો હતો અને જ્યારે તે અંધારૂં થતાં પેહેલાં પોતાને ઘેર જઈ શકતો નહોતો ત્યારે કારલોને ફાનસ લઈને મોકલવામાં આવતો હતો. "કારલો. અહીંઆ આવ અને તારા ધણીને બોલાવવાને જા." એવી રીતનો તેને હુકમ મળતો, અને કદાપી તેને એ બાબત તો હુકમ કરવામાં આવતોજ ન હોતો. જે બાજુએ કારલોને જવાનું હતું તે બાજુ તે જાણતો હતો અને તેમજ તેનો ધણી જે રસ્તે થઈને જતો હતો તે રસ્તો પણ તે બરોબર જાણતો હતો. પણ કારલો હમેશાં એકદમ પોતાના ધણીને શોધી કહાડતો નહોતો, જ્યારે તે શેહેરમાં જતો ત્યારે તેનો ધણી વારંવાર જે ઘરમાં બેસતો ત્યાં દોડી જતો, ત્યાં તે પોતાના મોહોડામાં ફાનસ પકડીને ગલીના બારણા આગળની જમીન નાખ વતી ઉખેડતો હતો અને ભસતો હતો; એટલુંજ કેહેવાને કે "(ગાગ ગાગ) ધણી હું ફાનસ સાથે અહીંઆ ઉભો છું; તું ઘેર જવાને વાસ્તે તૈયાર છે?" કદાચ કોઈ માણસ બારણા આગળ આવીને કહેતું કે "કારલો તારો ધણી અહીંઆ નથી." કારલો ત્યારે ઘુરકતો હતો જાણે કે એમજ કેહતો હોય કે ત્યારે તે કોઈ બીજે ઠેકાણે હશે અને મારે તેને શોધી કાહા-

ડવો નોહાએ ત્યારપછી તેને જ્યાં લગણ પોતાનો ધણી મળતો નહી ત્યાં લગણ તે એક પછી એક દરેક ઘરમાં દોડી જતો હતો; અને તેના ધણીના મળ્યા પછી બન્ને જણા ઘેર સાથે નીકળતા હતા.

TRUTH. સચ્ચાઈ.

Truth, s. (ત્રુથ) સચ્ચાઈ, સત્યતા.
Hate, v. t. (હેટ) ધિક્કારવું
Learns to hate a lie, જુઠાને ધિક્કારવા શીખેછે
Scorns, v. t. (સ્કૉર્નસ) ધિક્કારે છે
To feign, inf. (ટુ ફેન) યોજી કાઢવુ.
False reply, ખોટો જવાબ.
To cover, inf. (ટુ કવર) સંતાડવાને, છુપાવવાને.
Faults, s. (ફૉલ્ટસ) વાંક, ગુનાહ.
Errors, s. (એરર્સ) ભુલ ચુક.
Love, s. (લવ) પ્યાર.
Forgiveness, s. (ફરગીવનેસ) માફી.
Hath won, v. t. (હેથવન) મેળવ્યાછે.
Truth, s. (ત્રુથ) સાચું બોલનારો.
Falsehood, s. (ફૉલ્સહુડ) જુઠું બોલનારો.
Coward, a. (કાવર્ડ) બીચકારો.
Knave, s. (નેવ) ઠગ.
Vainly, ad. (વેનલી) ફોગટ.
To screen his faults, પોતાના ગુનાહ છુપાવવાને.
By lying words, જુઠાં બોલોથી.
Base, a. (બેઝ) નીચ.
Mean, a. (મીન) હલકો.

જે છોકરો જુઠાને ધિક્કારવાને શીખેછે, ખોટો જવાબ યોજવાનું અને ગુનાહ અને ભુલચુક છુપાવવાનું ધિક્કારેછે તેને

પ્યાર અને માફી બન્ને મેળવ્યાંછે. કારણકે સાચું બોલનારો નમ્ર અને બહાદુર હોયછે પણ જુઠું બોલનારો એક બીચકારો ઠગછે, અને જે નીચ અને હલકાં જુઠાં શબ્દોથી પોતાના ગુનાહ છુપાવવાની ફોગટ કોશીશ કરેછે.

USEFUL KNOWLEDGE ઉપયોગી જ્ઞાન.

ANIMALS. જનાવરો.

(The) sheep, s. (શીપ) મેંઢો
Wool, s. (વુલ) ઉન.
Fleece, s. (ફ્લીસ) મેંઢાનું કાતરી કાઢેલું ઉન.
Flannel, s. (ફ્લૅનલ) ઉનનું કપડું.
Blankets, s. (બ્લૅન્કેટસ) ધાબળીઓ.
Carpets, s. (કારપેટસ) સેત્રંજી, ગાલીચા.
Coats, s. (કોટસ) ડગલા.
Gloves, s. (ગ્લવ્ઝ) હાથના મોજાં.
Socks, s. (સૉકસ) પગનાં મોજાં.
Besides, pre. (બીસાઇડઝ) વતરોગે, સિવાય.
Skin, s. (સ્કિન) ચામડી.
Leather, s. (લેધર) સાફ કીધેલું ચામડું.
Cheese, s. (ચીઝ) પનીર.
Straps, s. (સ્ટ્રૅપ્સ) પટા.
Belts, s. (બેલ્ટ્સ) પટા.
Saddles, s. (સૅડલ્સ) જીનો.
Harness, s. (હારનેસ) ઘોડાનો સામન.
Covers, s. (કવર્સ) ચોપડીના પુઠાં.
Hide, s. (હાઈડ) ઉતારી લીધેલું ચાંમડું.
Tanner, s. (ટૅનર) ખાલપો. ચમાર.
Colours, v. t. (કલર્સ) રંગદેછે.
Currier, s. (કરીઅર) ચામડા રંગનાર મોચી.

Shoe-maker, s. (શુ-મેકર) મોચી.
Mutton, s. (મટન) મેંઢાનું માંસ.
Lamb, s. (લૅંબ) મેંઢાના બચ્ચાનું માંસ.
Flock, s. (ફ્લૉક) ટોળું.
Watches, v. t. (વૉચીસ) તપાસે છે.
Shepherd, s. (શેપર્ડ) ભરવાડ
Cow, s. (કાઉ) ગાય.
Cream, s. (ક્રીમ) મલાઈ.
Butter, s. (બટર) માખણ.
Puddings, s. (પુડીંગ્સ) ખાવાનો પદાર્થ, પુડીંગ.
Cakes, s. (કેક્સ) કેકો.
Deals, v. (ડીલ્સ) વેચેછે.
Milk-man, s. (મીલ્કમૅન) દુધવાળો.
Dairy-man, s. (ડેરીમૅન) દુધવાળો.
Milk-maid, s. (મીલ્કમેડ) દુધવાળી.
Dairy-maid, s. (ડેરીમેડ) દુધવાળી.
Dairy, s. (ડેરી) દુધ, દહી બનાવવાની જગ્યા.
Horn, s. (હૉર્ન) શીંગડું.
Meat, s. (મીટ) માંસ.
Combs, s. (કોમ્બ્ઝ) નીખીઓ, કાંસકીઓ.
Spoons, s. (સ્પુન્સ) ચમચા.
Knife-handles, s. (નાઈફ હેન્ડલ્સ) છરીના હાથા.
Buttons, s. (બટન્સ) બોરીઆં.
Bugle-horn, s. (બ્યુગલહૉર્ન) રણશીંગડું.
Musical instruments, મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટસ) વાજીંત્ર.
Brass, s. (બ્રાસ) પીતલ.
Beef, s. (બીફ) ગાયનું માંસ.
Calf, s. (કાફ) વાછરડો.
Veal, s. (વીલ) વાછરડાનું માંસ.
Butcher, s. (બુચર) કસાઈ, ખાટકી.
Countries, s. (કન્ટ્રીઝ) દેશો.
To draw, inf. (ટુ ડ્રૉ) ખેંચવું.
Carts, s. (કાર્ટ્સ) ગાડાં.
Ploughs, s. (પ્લાઉઝ) હળો.

Chiefly, ad. (ચીફલી) મુખ્ય કરીને.
Carriages, s. (કેરેજીસ) ગાડીઓ.
Fastened, v. (ફાસન્ડ) બાંધ્યું, જોડયું
Iron, s. (આયર્ન) લોઢું.
Chains, s. (ચેન્સ) સાંકળો.
Seat, s. (સીટ) બેઠક.
For guiding, (ફૉર ગાયડિંગ) હાંકવાને વાસ્તે.
Bridle, s. (બ્રાઈડલ) લગામ.
Rein, s. (રેન) લગામ.
Bar, s. (બાર) સળીઓ.
Joined, p. p. (જૉઈન્ડ) જોડેલું.
Bit, s. (બીટ) જે ઝુબ્બી ઘોડાના મોહોડામાં મુકવામાં આવેછે તે
Foal, s. (ફોલ) વછેરો.
Pony, (પોની) ટટ્ટુ.
Mattresses, s. (મૅટ્રેસીસ) ગાદીઓ.
Mare, s. (મૅર) ઘોડી.
Swine, s. (સ્વાઈન) ડુક્કર.
Fowls, s. (ફાઉલ્સ) મરઘાં.
Geese, s. (ગીઝ) હંસો.

Turkeys, s. (ટરકીઝ) ટરકીઓ.
Rabbits, s. (રૅબીટસ) સસલાં.
Pork, s. (પૉર્ક) ડુક્કરનું તાજું માંસ.
Bacon, s. (બેકન) મીઠામાં આથીને સુકવેલું ડુક્કરનું માંસ.
Ham, s. (હૅમ) મીઠામાં આથીને ડુક્કરનું સુકવેલું માંસ.
Stiff, a. (સ્ટીફ) ચીવટ.
Brushes, s. (બ્રશીશ) બાલની પીંછીઓ.
Bristles, s. (બ્રિસ્લસ) જાડા બાલની પીંછીઓ.
Glue, s. (ગ્લુ) સરસ.
Hoofs, s. (હુફ્સ) ખરીઓ.
Feathers, s. (ફેધર્સ) પછાં.
Pillows, s. (પીલોઝ) તકીઆ.
Spun, p. p. (સ્પન) કાંતેલાં.
Worm, s. (ઉવર્મ) કીડો
Hairy-skin, s. (હૅરીસ્કીન) બાલવાળી ચામડી.
Leaves, s. (લીવ્ઝ) ચોપડીના પાનાં.
Whale, s. (ઉવ્હેલ) મગરમચ્છ.

Tallow, s. (ટૅલો) ચરબી.	Soap, s. (સોપ) સાબુ.
Fat. s. (ફૅટ) ચરબી.	Wax, s. (ઉવૅકસ) મીણ.

મેંઢા—મેંઢો આપણને શું આપેછે? ઊન. એક મેંઢાનાં સઘળા ઊનને શું કહેછે? ફ્લીસ (કાતરેલું ઊન) ઊનનું આપણે શું શું કરીએ છીએ? ઊનનું કપડું, ધાબળીઓ. ગાલીચા, દગલા, હાથ અને પગના ગરમ મોજાં અને બીજી ઘણી ઉપયોગી ચીજો. ઊન ઉપરાંત આપણે મેંઢામાંથી બીજું શું શું મેળવીએ છીએ? આપણે તેની ચામડીમાંથી સાફ કીધેલું ચામડું બનાવીએ છીએ; આપણે તેના માંસને ખોરાક તરીકે વાપરીએ છીએ. ચામડાનું આપણે શું શું બનાવીએ છીએ? આપણે જુટા, જોડા, પટાને ગોળ પટા, જીનોને ઘોડાનો સામાન, ચોપડીના પુઠાં અને બીજી ઘણી ચીજો. જનાવરની ચામડીનું ચામડું બનાવેછે તેની અગાઉ તેને શું કહેછે? હાઈડ (ઉતારી લીધેલું ચામડું) ઉતારી લીધેલા ચામડાનું (સાફ) ચામડું કોણ બનાવેછે? ચમાર. ચામડાને નરમ કોણ કરેછે અને તેને કોણ રંગેછે? ચામડા રંગનાર મોચી. ચામડાના જોડા કોણ બનાવેછે? મોચી. મેંઢાના માંસને શું કહેછે? મટન (મેંઢાનું માસ) અને મેંઢાના બચ્ચાંના (માંસ) ને શું કહેછે? લેમ્બ. મેંઢા શું ખાયછે? ઘાસ. સાથે જતાં મેંઢાંની એક મોટી શંખ્યાને તમે શું કહોછો? ટોળું. અને જે માણસ તેની સંભાળ રાખેછે તેને શું કહો છો? ભરવાડ.

ગાય—ગાય આપણને શું શું આપેછે ? દુધને મલાઈ. અને દુધનું શું બને છે ? માખણ અને પનીર; અને પુડીંગ અને કેક બનાવવાને સારૂં આપણે તે વાપરીએ છીએ. જે માણસ દુધ વેચેછે તેને તમે શું કહોછો ? દુધવાળો અથવા દુધ વેચનારો. અને તેની બૈરીને ? દુધવાળી અથવા દુધ વેચનારી અને જે જગાપર તેને રાખવામાં આવેછે તે જગ્યાને દેરી (દુધ દહી રાખવાની જગ્યા). બીજું શું આપણને ગાયમાંથી મળેછે ? ચામડું, શીંગડું અને માંસ. શીંગડાનું આપણે શું બનાવીએ છીએ ? કાંસકીઓ, ચમચા, છરીના હાથા, બટન, અને પીવાના પ્યાલાં. રણશીંગડું એ શું છે ? એક પીતળનું બનાવેલું વાજીંત્ર. તેને શીંગડું શા સારૂં કહે છે ? કારણ કે પહેલાં એ જાતના વાજીંત્રો જનાવરના શીંગડા હતાં. ગાય અથવા બળદના માંસને શું કહેછે ? બીફ (ગાયનું માંસ). નાની ગાયને શું કહેછે ? વાછરડી. વાછરડીના માંસને શું કહેછે ? વીલ (વાછરડીનું માંસ). જે માણસ માંસ વેચેછે તેને શું કહેછે ? ખાતકી. કેટલાક દેશમાં બળદ શા ઉપયોગમાં આવેછે ? ગાડાં અને હળો ખેંચવાના કામમાં.

ઘોડો—મુખ્ય કરીને આપણે ઘોડાને શા સારૂં વાપરીએ છીએ ? આપણને લઇ જવાને અને ગાડાં અને ગાડી ખેંચવાને. ગાડાં અને ગાડી સાથે ઘોડાને શાથી બાંધવામાં આવેછે ? ચામડાના પટા અને લોઢાંની સાંકળથી. ઘોડા ઉપરના પટા અને

સાંકળ એ સઘળાને શું કહેછે? તેનું હારનીસ (ઘોડાનો સામાન) ઘોડાની પીઠ ઉપરની બેઠકને શું કહે છે? એક જીન. અને તેને હાંકવાના પટાને? લગામ અથવા રેન. અને લગામની સાથે જોડેલાં તેના મોહમાંના સળીઆને? લગામનું ચોકડું. ઘોડાના બચ્ચાને શું કહેછે? વછેરો. અને નાના ઘોડાને? ટટ્ટુ. આપણે ઘોડાને બીજો શું ઉપયોગ કરીએ છીએ? આપણે તેની ચામડીનું ચામડું બનાવીએ છીએ, અને તેની પુંછડીના લાંબા બાળની ગાદીઓ અને બાળનું કપડું બનાવીએ છીએ. આપણે તેનું માંસ ખાઈએ છીએ? નહી; પણ કેટલાક દેશમાં તેનું માંસ ખવાયછે, અને ખોરાક તરીકે ઘોડીનું દુધ વપરાયછે.

બીજાં જનાવરો—મેંઢાં અને ગાય સીવાય ખોરાકને સારૂં બીજા કયા કયા જનાવરો વપરાયછે? ડુક્કર, મરઘાં, બતકાં, હંસો, તરકીઓ, સસલાં અને સસલાં. ડુક્કરના માંસને શું કહે છે? જયારે તે તાજું હોય છે, ત્યારે પૉર્ક; અને જયારે મીઠામાં આથીને સુકવેલું હોય છે ત્યારે બેકન અને હેમ. ડુક્કરમાંથી આપણને બીજું શું મળે છે? ચામડું અને બરછટ બાલ કે જેના બ્રશ બને છે જેને "બ્રીસ્ટલ" કરીને કહેછે. સરસ શાનો બને છે? જનાવરની ચામડી અને બીજા ભાગોનો. જયારે મરઘાં જીવતાં હોય છે ત્યારે ખોરાક તરીકે આપણને શું આપે છે? ઇંડાં. અને જયારે તેઓ મરી જાય છે ત્યારે આપણને

તેઓમાથી શું મળે છે ? બીછાના અને તકીઆ બનાવવાને પીછાં. રેશમનો પોશાક શાનો બનેલો છે ? એક નાના કીડાએ કાંતેલાં દોરાઓનો. રૂવાં એ શું છે ? જનાવરોની બાળવાળી ચામડી. પોકેટ બુકના પાના વારંવાર શામાંથી બનાવેછે ? ગધેડાની ચામડીના ભાગમાંથી. ક્વિલની કલમ એ શુ છે ? હંસની પાંખમાથી કાઢેલું પીછું. આપણે વ્હેલબોન (મગરમચ્છના મોમાનું હાડકું) કંહાથી મેળવીએ છીએ ? મગરમચ્છના મોમાથી. મગરમચ્છમાંથી બીજું આપણે શું મેળવીએ છીએ ? દીવાને વાસ્તે તેલ. મીણબત્તીઓ શાની બનેલી છે ? જનાવરની ચરબ અથવા ચરબીની આપણે ચરબી અને તેલમાંથી શું બનાવીએ છીએ ? સાબુ. સૌથી સરસ મીણબત્તીઓ શાની બને છે ? મધમાખીએ બનાવેલા મીણની. મધમાખીઓ પાસેથી બીજું આપણને શું મળેછે ? મધ.

THE CAMEL. ઊંટ.

Parts, s. (પાર્ટ્સ) ભાગો.
World, s. (ઉવર્લ્ડ) દુનિઆ.
Tracts, s. (ટ્રેક્ટસ) મોહોટાં મેદાન.
Deserts, s. (ડૅઝર્ટ્સ) રણો, રેતીના મેદાન.
Pleasant, a. (પ્લેઝંટ) ખુશનુમાં.
Streams, s. (સ્ટ્રીમ્ઝ) ઝરા, નાળાં.
But sand, (બટ સૅન્ડ) રેતી સીવાય.
Rocks, s. (રૉક્સ) ખડકો.

As far as the eye can reach જ્યાં લગણ નજર પોહોચી શકે ત્યાં લગણ.
In crossing, (ઈન ક્રોસિંગ) પસાર કરતાં.
Dreary, a. (ડ્રીઅરી) ઉજ્જડ, એકાંત.
Traveller, s. (ટ્રેવેલર) મુસાફર.
Needs, v. t. (નીડ્ઝ) જરૂર પડેછે.
Enough of food, પુરતો ખોરાક.
To last, inf. (ટુ લાસ્ટ) ચાલવાને, નીભવાને.
Loads, s. (લોડ્ઝ) બોજો.
Fitted, p. p. (ફીટેડ) લાયક કીધેલું.
Sailors, s. (સેલર્સ) ખલાસીઓ
(The) same, s. (સેમ) તેજ કામ.
"The ship of the desert." રણનું વહાણ.
Is being loaded, બોજો લાદવામાં આવેછે.
March, s. (માર્ચ) કુચ.
Is over, પુરી થાય છે.

Kneels, v. i. (નીલ્સ) ગુંડણ મરડીને બેસેછે.
To have its load taken off, પોતાનો બોજો ઉતરાવવાને
Starts, v. i. (સ્ટાર્ટ્સ) નીકળેછે, ચાલવા માંડેછે.
Enough of water, પુરતું પાણી
Wonder, s. (વન્ડર) અજાએબી.
Arab, s. (અૅરબ) અરબસ્તાનનો રેહેવાસી.
Songs, s. (સૉંગ્ઝ) ગીતો.
In its praise, તેના વખાણને માટે.

But the camel is all these in one, પણ ઉંટ એકલું એ બધા જનાવરોના જેટલું કામ કરેછે.
Supplies, v. t. (સપ્લાઈઝ) પુરૂં પાડેછે.
Dead, p. p (ડેડ) મુવેલું.
Its hair is made into cloth, તેના બાળના લુગડાં બનેછે.

દુનીઆના કેટલાક ભાગમાં દેશના મોટા કકડા હોય છે જેને રણો કહે છે. આ રણોમાં ખરો, ખુશનુમાં પાણીના ઝરા અને ઝાડો હોતાં નથી. જ્યાં લગણ નજર પોહોંચી શકે ત્યાં લગણ રેતી, પથરા અને ખડકો સિવાય આસપાસ બીજું કાંઈ દેખાતું નથી. આ ઉજ્જડ રણો ઓળંગતા વખતે મુસાફરે જે દરેક ચીજની તેને રસ્તામાં જરૂર હોય તે સાથે રાખવી જોઇએ. તેણે પોતાને અને જેઓ તેની સાથે હોય તેઓને ઘણા દહાડા ચાલવાને સારૂં પુરતો ખોરાક અને પાણી લેવું જોઈએ. કોઈબી ઘોડો આ મોટા રણોમાંથી ભારી બોજો લઈ જઈ શકયો નથી; પણ તે કામને લાયક એક બીજું જનાવર ઈશ્વરે માણસને આપેલું છે આ જનાવર તે ઊંટ છે.

જ્યારે ખલાસીઓ વહાણમાં દરીઆ પાર કરેછે ત્યારે જે ચીજની તેઓને ગરજ હોય તે ચીજ તે વહાણે લઈ જવી જોઈએ. અને ઊંટને પોતાના ધણીને સારૂં રણમાં તેજ પ્રમાણે કરવાનું છે તેથી તેને "રણનું વહાણ" કરી કહે છે. જ્યારે ઊંટ ઉપર બોજો લાદવાનો હોય છે, ત્યારે તે ગુઢણ મરડીને બેસે છે કે તેનો ધણી તેની પીઠ ઉપર બોજો મુકે; અને જ્યારે દહાડાની કુચ પુરી થાય છે, અને આરામેસ લેવાનો વખત થાય છે, ત્યારે તે પાછું પોતાનો બોજો ઉતરાવવાને ગુઢણ મરડીને બેસે છે. લાંબો વખત સુધી ખોરાક વગર ઊંટ ચાલી શકે છે; અને તે કુચ કરે છે તેની આગમજ તે કેટલાક દહાડા ચાલે તેટલું પાણી પીલે છે. આરબો પોતાના ઊંટને ચાહે છે અને તેની વખાણને સારૂં ગીત ગાય છે તેમાં કાંઈ અજાએબ થવા જેવું નથી. ઘોડો પોતાના ધણીને લઈ જાય છે, ગાય તેને દુધ આપે છે, અને મેંઢો કપડાને સારૂ તેને ઉન આપે છે, પણ આરબોને એકલું ઊંટ બધા જનાવ-

શેની ગરજ સારે છે. તે રણમાં વસનારા લોકોને દુધ અને ઘણું ખરૂં ભક્ષણું જે તેઓને જોઈએ તે પુરૂં પાડે છે. તેના મુઆ પછી તેનું માંસ ખોરાક તરીકે વપરાય છે અને તેના બાળના લુગડાં બને છે.

STORY OF A DOG. એક કુતરાની વાત.

Some years ago, થોડાક વર્ષની વાત ઉપર.

Errand, s. (એરંડ) સંદેશો, પેગામ.

Was sent on an errand, સંદેશો પુગાડવા મોકલ્યો હતો

Lame, a. (લેમ) લંગડો.

Rough, a. (રફ) ખડબચડા બાલનો.

Came limping, લંગડાતો લંગડાતો આવ્યો.

Would have thrown, ફેંકયા હોત.

Had been ill-used, તેને દુઃખ દેવામાં આવ્યું હતું.

Wanted, v. t. (ઉવ) જરૂર પડી.

Let it follow, પછવાડે આવવા દીધો.

Almost cried, રડવાના અંતપર આવ્યાં.

Pity, s. (પિટી) દયા

Did not turn away, હાંકી કાઢ્યો નહી.

Hungry, a. (હંગ્રી) ભુખ્યો.

Wash-house, a. (ઉવૉશ હાઉસ) નાહાવાનો ઓરડો.

Clean, a. (કલીન) સાફ, સ્વચ્છ

Straw, s. (સ્ટ્રૉ) ઘાસનો પેંડો.

To lie on, સુવાને વાસ્તે.

Thankful, a. (થૅંકફુલ) ઉપકારી, આભારી.

Kindness, (કાઈંડનેસ) માયા.

Instead of, બદલે.

[illegible]ruching, pr. p. (ક્રાઉચિંગ) વાંકુ વળી જતાં.

Afraid, a. (અફ્રેડ) બીધેલું.

Beaten, p. p. (બીટન) મારેલું.
Frisk, v. (ફ્રીસ્ક) કુદવું.
To lick, inf. (ટુ લિક) ચાટવાને.
Pet, s. (પેટ) વ્હાલું પ્રાણી.
It used to go, તેને જવાની ટેવ હતી.
Used to drive away, હાંકી કાઢતો હતો.
To tease, inf. (ટુ ટીઝ) ચીડવવાને.
Stayed, v. (સ્ટેડ થોભતો હતો
Yard, s. (યાર્ડ) આંગણું.
Fowls, s. (ફાઉલ્સ) મરઘાં.
Did stray, v. i. (ડીડ સ્ટ્રે) ભટકતાં ફરે, રખડે.
Stole, v. t (સ્ટોલ) ચોર્યાં.
Dared, v. t. (ડેર્ડ) હીમ્મત કીધી
It was long before Elf could be taught what she meant, તેણી શું કહે છે તેનો અર્થ શીખવવાને વાસ્તે એલ્ફને ઘણા દીવસ લાગ્યા.
Clever, a. (ક્લેવર) હોંશીઆર
Wet day, (વેટ ડે) વરસાદનો દહાડો.
Umbrella, s. (અમબ્રેલા) છતરી.
To start, inf. (ટુ સ્ટાર્ટ) નીકળવું.
Street, s. (સ્ટ્રીટ) મોહોલ્લો, ગલી.
It wood run fast them at full speed, તે તેમની પાછળ પૂરી ઝડપથી દોડી જતો હતો.
Safely, ad. (સેફલી) સલામત રીતે.
In many ways, ઘણી રીતે.
Did repay, v. t. (ડીડ રીપે) બદલો વાળી આપ્યો.

થોડાં વર્ષની વાત ઉપર એક નાનો છોકરો (જેની ઉમર) આઠ વર્ષના કરતાં વધારે નહી હતી તેને (કાંઈ) કામે મોકલ્યો હતો. જ્યારે તે ઘેર જતો હતો ત્યારે એક લંગડો, જેવો તેવો અને મેલો કુતરો લંગડાતો તેની પડખે આવ્યો. એક

ખરાબ છોકરાએ તે ગરીબ કુતરા તરફ પથરા ફેંકયા હતે; પણ તે નાનો છોકરો કે જેને વિશે હું તમને વાત કહું છું તેને નમનતાઈવાળો અને માયાળુ થવાને શીખવેલું હતું. તેણે જોયું કે તે કુતરાને દુઃખ દેવામાં આવતું હતું અને તેને એક મિત્રની ગરજ હતી, તેથી તેણે પોતાની પછવાડે ઘેર આવવા દીધો. જ્યારે તે નાના છોકરાએ પોતાની માને તે કુતરાને ઘરમાં આવવા દેવાની તેણીની મરજી છે કે નહી, તે વિશે પુછયું, ત્યારે જે કાંઈ કહયું તે તે ગરીબ કુતરો જાણતો હોય તેમ જણાયો. અરે તે કેવો દલગીર જણાયો ! જ્યારે છોકરાંઓએ તેની મોટી ચળકતી આંખો દયાને સારૂં તેઓ તરફ જોતી જોઈ ત્યારે તેઓ રડવાની અણીપર આવ્યાં હતાં. મા કે જેને પોતાનાં છોકરાને માયાળુ અને નમ્ર થવાને શીખવ્યું હતું તેણીએ તે ગરીબ, ભુખ્યો, લંગડા કુતરાને હાંકી કાઢયો નહી તેણીએ તેને નહાવાના ઓરડામાં મોકલ્યો, અને છોકરાંઓએ કાંઈ ખોરાક, પીવાને થોડું પાણી અને સુવાને થોડા રાફ ઘાસનો પેંડો તેને આપ્યો. થોડા દીવસ પછી ફરીથી તે સાજો થયો. તેને તરતજ પોતાનું શરીર સ્વચ્છ કીધું, અને પોતાના નવા ઘરથી કેવો ખુશી થયો હોય એમ દેખાવા લાગ્યો. જે માયા તેને દેખાડવામાં આવી હતી તેને સારૂં તે કેવો આભારી હતો તે દેખાડવાને એક કુતરો જે સઘળું કરી શકે તે તેણે કીધું જાણે કે માર ખાવાને બીહીતો હોય તેમ વાંકો વળ્યાને બદલે તે પોતાના નાના મિત્રોના હાથ ચાટવાને તે આસપાસ નાચતો કુદતો હતો.

તે છોકરાઓએ તે કુતરાનું નામ ગ્લેફ પાડયું, તે તેઓનો દોસતદાર તેમજ તેઓનું પ્યારૂં પ્રાણી હતું. તે તેઓનો દોસ્ત કેમ હતો તે હું તમને કહીશ. તે તેઓની સાથે નીશાળે જતો હતો અને જે કોઈ ખરાબ છોકરા તેઓને ખીજવવાને અથવા

નુકશાન કરવાને યત્ન કરતા હતા તેઓને હાંકી કાઢતો હતો. પછી જ્યારે તેઓ નીશાળમાં પહોંચતા હતા ત્યારે એલ્ફ પાછો ઘેર આવતો હતો, અને વાડામાં મરઘાં બતકાં આગળ ઉભો રહેતો હતો તે તપાસ રાખતો હતો કે તેઓ ભુલા પડે નહી ને તેઓને કોઈ ચોરી જાય નહી. જ્યારે એલ્ફ નજદીક રહેતો હતો ત્યારે કોઈ ખસાબ છોકરાઓ તેઓ તરફ પથરા ફેંકવાની હીમ્મત કરતા હતા નહી. જ્યારે છોકરાઓનો નીશાળ છોડીને આવવાનો વખત થતો હતો ત્યારે તેઓની મા કહેતી "એલ્ફ હવે છોકરાઓને લઈ આવવાનો વખત થયો છે." જે કાંઈ એલ્ફને તે કહેવા માંગતી હતી તે તે ઘણે લાંબે વખતે શીખ્યો હતો. પણ છેવટે તે તેણે જાણ્યું; અને જેવા તે બોલો બોલાતાં કે તે ઝડપથી દોડીને નીશાળે જતો હતો હા, અને તે કરતાં વધારે; એલ્ફ છેવટે સરવાળે એવોતો હુંશીઆર કુતરો થયો કે વરસાદના દહાડામાં જ્યારે તે છોકરાઓને લેવા નિશાળે જતો હતો, ત્યારે પોતાના મોહોડામાં એક છતરી લઈ જતો હતો. ચીત્ર ભણી જુઓ, અને નીશાળમાં જવાને નીકળવાને તૈયાર થયેલા તમે એલ્ફને જોસો. કોઈ વખતે મહોલ્લામાના છોકરાઓ તેની પાસેથી છત્રી લઈ લવાની કોશેશ કરતા હતાં; તે એટલીતો ઝડપથી દોડી જતો હતો કે તેઓનું કાંઈ વળતું હતું નહી. તે તેઓને વટાવીને પુર ઝડપથી દોડી જતો હતો, અને હમેશા સલામત રીતે નીકળી જતો હતો. આ પ્રમાણે આ એક વખતના ગરીબ, લંગડા કુતરાએ પોતાના નાના મિત્રોની માયાનો ઘણી સારી રીતે બદલો વાળ્યો.

THE GOLDEN RULE સોના જેવો કાયદો.

Golden, a. (ગોલ્ડન) સોના જેવો, ઘણો કીમતી.
Rule, s. (રૂલ) કાયદો, નીયમ.
Others, s. (અધર્સ) બીજા આદમીઓ.
As I would, જેમ હું ઈચ્છું
Honest, a. (ઑનેસ્ટ) પ્રમાણીક.
Good, a. (ગુડ) સદગુણી.
Ought to be, (ઑટટુબી) થવું જોઇએ.

જેમ હું ઈચ્છું તેમ બીજાઓ મારી સાથે ચાલે તેજ પ્રમાણે મારેબી તેઓ સાથે ચાલવું જોઈએ, તથા કરીને હું પ્રમાણીક, માયાળુ, અને ભલો થઈસ કે જે પ્રમાણે છોકરાઓએ થવું જોઈએ.

THE DONKEY. ગધેડો.

Donkey, s. (ડોંકી) ગધેડો.
Handful of grass, મુઠી ભરીને ઘાસ.
Stupid, a. (સ્ટુપીડ) બેવકુફ.
Trots, v. i. (ટ્રોટ્સ) તુરકી ચાલે ચાલેછે.
Sack, s. (સૅક) કોથળો.
Lets ride, (લેટ્સ રાઈડ) સ્વારી કરવા દે છે.
All the way home, ઘેરને આખે રસ્તે.
(By the) ditch (ડિટ્ચ) ખાઈની આગળ.
Now and then, વારે ઘડીએ.
Trick, s. (ટ્રિક) આદત, ઢંગ.
Of standing stock-still, થાંભલાની માફક ચુપ ચુપ ઉભુ રેહેવાની.
Kick, v. (કીક) લાત મારવી.
Waste, v. t. (વેસ્ટ) ગુમાવવું.
Passes, v. i. (પાસીસ) વહી જાયછે.
Silly, a. (સીલી) અનાડી, મુર્ખ.

ગરીબ ગધેડો ! હું તેને મુઠો ભરીને ઘાસ નાખીસ; જો કે તે બેવકુફ બુઢો ગધેડો છે તોપણ મારી ખાતરી છે કે તે પ્રમાણીક છે. તે કોથળો લેવાને ઝડપથી બજારમાં દોડી જાય છે, અને ઘેર આવતી વખતે આખે રસ્તે પોતાની પીઠ ઉપર મને બેસવા દે છે; અને ખાઇમાં તેને સારૂં કાંઈ તાજું ઘાસ હોય તો તે જોવાને તે ખાઈ આગળ માત્ર એક મીનીટ ઉભો રહે છે તે ખરૂં છેકે વારંવાર થાંભલાંની માફક ચુપ ચુપ ઉભુ રહેવાની અને લાત મારવાની તરતજ કોશેશ કરવાની તેને ખરાબ આદત પડેલી છે; પણ ત્યારે તમે જાણોછો કે તે ગરીબ બુઢો (ગધેડો) જાણતો નથી કે થાંભલાની માફક સ્થંભ ઉભો રહેવાથી મારી સાથે તે ગેરવાજબી રીતે ચાલે છે; કારણ કે હું હિમ્મતથી કહું છું કે પેહેલાં કામ કરવું અને ત્યાર પછી રમવું એ કદી તેના ધીઆનમાં નથી આવતું. નહી, નહી, મારા ભલા ગધેડા. હું તને થોડું ઘાસ નાંખીસ, કારણ કે તું વધારે સારૂં જાણતો નથી, કારણ કે તું એક ગધેડો છે, કેટલાંક છોકરાં કે જે તારી માફક પોતાની ચોપડી ધરીને થાંભલાની માફક ઉભા રહે છે, અને જેમ વખત જાય છે તેમ તેનો દરેક પળ ફોકટ ગુમાવે છે તે કેવાં નાના ગધેડાં જેવાં લાગે છે ! તેઓ ગધેડાં કરતાં પણ વધારે બેવકુફ અને મૂર્ખ છે.

STORY OF THE SHEEP & THE LAMB.

મેંઢી અને તેના બચ્ચાંની વાત.

Lad, s. (લૅડ) છોકરો.
Towards, (ટોઅર્ડસ) તરફ
Steps, s. (સ્ટેપ્સ) પગલાં.
Bleating, pr. p. (બ્લીટીંગ) બેં બેં કરતાં.
Loudly, ad. (લાઉડલી) મોટેથી.
Act, (ઍક્ટ) કરવું.
Had never seen a sheep act in this way, કોઈએ મેંઢીને આ પ્રમાણે કરતાં કદી જોઈ ન હોતી
Wishing, pr. p. (વીશિંગ) ચાહીને, ઇચ્છીને.
Creature, s. (ક્રીચર) પ્રાણી.
Led the way, રસ્તો દેખાડયો, લઈ ગઈ.
Running stream, વહેતો ઝરો.
Pool, s. (પૂલ) ખાબોચીઉં, કુંડ.
Spot, s. (સ્પૉટ) જગ્યા.
Struggling, pr. p. (સ્ટ્રગલીંગ) તરફડીઆં મારતો.
Bank, s. (બૅંક) કીનારો.
In vain, ad. (ઇનવેન) ફોગટ
To get out, (ટુ ગેટ આઉટ) બાહેર આવવાને.
Help, s. (હેલ્પ) મદદ.
Was needed, જોઈતી હતી.
Leaning, pr. p. (લીનિંગ) અઘેલીને, વાંકો વળીને.
Could reach, v. t. (કુડરીચ) પોહોચી શકયો.
Caught hold of પકડયું.
Lifted up, v. (લીફટેડ અપ) ઉંચકી લીધું.
Seemed, v. i. (સીમ્ડ) જણાઈ.
Beside, pre. (બીસાઈડ) પાસે, કને.

એક દીવસ એક છોકરો જંગલમાં ફરતો હતો ત્યારે તેને એક મેંઢી પોતાની તરફ આવતી જોઈ. તે ગરીબ ચીજ

